# पच्चक्खाण भाष्य
# सह पद्यानुवाद

सर्वोदय ग्रंथावली
६४४



संयोजक - प.पू. श्रुतोपासक मुनिश्री सर्वोदयसागरजी म. सा.

।। उदयो भवतु सर्वेषाम् ।।

# श्री चारित्ररत्न फा. चे. ट्रस्टनी विविध प्रवृतिओनी झलक



- श्री गृहमंदिरनी योजना
- श्री जिन प्रतिमाजीनी अष्ट मंगल पाटली योजना
- श्री गुरुमूर्तिओनुं निर्माण
- श्री ताम्रयंत्रोनी संकलना
- श्री आगम साहित्य
- श्री अर्वाचीन साहित्य
- श्री प्राचीन साहित्यनुं पांच-छ भाषामां संकलन
- श्री मल्टीकलर साहित्य
- पू. आ. श्री गुणसागरसूरि ज्ञानसंस्कार शिबिरनुं आयोजन
- गुरुगुण गीत गंगा केसेटोनुं आयोजन

## पुस्तक प्राप्ति स्थान





**विराग-तेजस-ऋजु गंगर**
रमेश अपार्टमेन्ट, अहिल्या बाग सामे, थाणा

**श्री सोमचंद भाणजी लालका**
मुंबई गली, पो.-अमलनेर,
जि.-जलगाम, महाराष्ट्र-४२५४०१

**मनोज जैन**
श्री महावीर जैन आराधना केन्द्र, कोबा, गांधीनगर, ३८२००७

सर्वोदय ग्रंथावली - ६४४

सामायिकमां स्वाध्याय - मुमुक्षुश्रेणी ४४

ઠીસિંહની વાડી, અમદા

श्री देवेंद्रसूरिकृत

# पच्चक्खाणभाष्य मूळ साथे गुर्जर पद्यानुवाद

**पद्यानुवादक**

पूज्य श्रुतोपासक मुनिराज श्री सर्वोदयसागरजी म. सा.

**प्रकाशक**

श्री चारित्ररत्न फा. चे. ट्रस्ट

सौजन्य :- श्री जैन श्वे. मू. पू. संघ ज्ञानखाता - सेंधवा (म.प्र.)

वीर सं. २५३५, वि. सं. २०६५, आर्य संवत ८२९, गुणसंवत - २१

**।। उदयो भवतु सर्वेषाम् ।।**

।।श्री महावीराय नमः।।।। श्री सर्वोदय पार्श्वनाथाय नमः।।।। श्री गौतमस्वामिने नमः।।

अचलगच्छेश जंगमयुगप्रधान आ. श्री आर्यरक्षित जयसिंह महेन्द्रप्रभ मेरुतुंग धर्ममूर्ति कल्याण गौतम गुणसागरसूरिभ्यो नमः।।

**दिव्य कृपा**

कलिकाल कल्पतरु जंगमयुगप्रधान अचलगच्छेश प.पू. आ.भ.श्री गौतम - नीति - गुणसागरसूरीश्वरजी म. सा.

**शुभ आशीर्वाद**

अचलगच्छाधिपति प.पू. आ.भ.श्री गुणोदयसागरसूरीश्वरजी म. सा.

प.पू. युवाचार्य श्री कलाप्रभसागरसूरीश्वरजी म.सा.

पू. गणिवर्यो, पू. मुनिवर्यो आदि

**प्रेरणादाता**

प.पू. तपस्वी मुनिराज श्री चारित्ररत्नसागरजी म.सा.

**शुभेच्छुक**

प.पू. मुनि श्री जगवल्लभ-गुणवल्लभसागरजी म.सा. आदि ठाणा - ५०

**मार्गदर्शक**

प.पू. मुनिराज श्री उदयरत्नसागरजी म.सा.

**संपादक**

मनोज आर. जैन - कोबा

मूल्य २५ रु. ।। उदयो भवतु सर्वेषाम्।। वि. सं. २०६५, प्रथमावृत्ति

# प्रास्ताविकम्

प्रत्याख्यान नामना आ भाष्यमां नवकारसी आदि दश प्रकारना पच्चक्खाणनो विषय दर्शाव्यो छे. प्रत्याख्याननो अर्थ प्रतिज्ञा (नियम) एवो थाय छे. ते अनादिकाळथी जीवने वळगेली आहार संज्ञामांथी छोडावीने तपधर्ममां योजे छे.

आ भाष्यमां ४८ गाथाओ छे. तेना मूळ ९ द्वारोमां ९० उत्तरभेदो वडे सवार अने सांजना प्रत्याख्यान करवानी विधिनुं सुंदर मार्गद्‌र्शन करायेलुं छे. प्रसंगोपात चार प्रकारना आहार, २२ प्रकारना आगार (अपवाद), भक्ष्याभक्ष्य विगईओ, निवियाता अने पच्चक्खाणना अनेक प्रकारो इत्यादि स्वरूप दर्शाववामां आव्युं छे. आ भाष्यमां तपधर्मना स्थूळ अने सूक्ष्म भेदोनुं स्पष्ट प्रतिपादन करायेलुं छे.

वीतराग प्रभुना लोकोत्तर शासनमां तपोनुष्ठाननो महिमा आराधनामां अत्यन्त आवश्यक अने प्रभावनामां खूबज महत्वपूर्ण गणायो छे. हजारो वर्ष सुधी आहार ग्रहण नहीं करनारा देवोने जे लाभ नथी थतो ते लाभ एक नवकारसीना पच्चक्खाण करनारो साधारण जीव पामी जाय छे. आ सौभाग्य जेवुं तेवुं न

गणाय.

आ भाष्यना कर्ता आचार्य श्री देवेन्द्रसूरिजी महाराज फरमावे छे के आ प्रत्याख्यानो स्वयं परमात्मा श्री जिनेश्वरदेवोए उपदेश्या छे अने भावपूर्वक आनी आराधना करनारा अनंता जीवो शाश्वत सुखना भोक्ता बन्या छे. जिनशासननी प्रत्येक आराधना पच्चक्खाणथी परिपुष्ट थयेली छे ते सहेजे जणाई आवे छे.

आपणे सौ आ भाष्यमां बतावेल विधिनुं अनुसरण करीने, परमात्मानी आज्ञानुं पालन करवा द्वारा उभयलोकनुं हित साधीए अने परंपराए अणाहारीपदना अधिकारने प्राप्त करीए एवी शुभकामना.

पूज्य मुनिश्री सर्वोदयसागरजी म. सा. ता. २१-१२-०५ थी ता. २३-०४-०६ सुधी श्री वीरचंद सोनी परिवारना तलासरीना N. N. सन्स पेट्रोलपंचना निवास स्थाने रह्या हता. पूज्यश्री साथे पूज्य मुनिराज श्री गुणवल्लभसागरजी म.सा. हता. चार महिनानी स्थिरता दरम्यान पूज्य गुणवल्लभसागरजीए १५०० गाथाओ कंठस्थ करी हती ज्यारे पूज्य श्रुतोपासक विद्वान् मुनिराज श्री सर्वोदयसागरजीए २० नूतन रचनाओ करी हती तेमांथी

त्रणभाष्य, छ कर्मग्रंथनी मळी नव रचनाओ आ प्रकाशन श्रेणीमां आपवामां आवी छे. प्रस्तुत पुस्तिकामां अमे पूज्य मुनिश्री द्वारा रचित गुर्जरभाषाबद्ध पच्चक्खाणभाष्यनो पद्यानुवाद प्रारंभमां आप्यो छे अने पछी पच्चक्खाणभाष्य मूळ आपेल छे जेथी वाचक-मुमुक्षुओ गाथाओनो स्वाध्याय अने अर्थनी अवधारणा बन्ने साथे करी शकशे. ऊंडाणपूर्वक वधु अभ्यास करवा मांगता जिज्ञासुओ माटे आ पुस्तिकाना प्रान्ते पच्चक्खाणभाष्यने लगता प्राप्तसाहित्यनी टीप आपवामां आवेल छे.

परम पूज्य श्रुतोपासक विद्वान् मुनिप्रवर श्री सर्वोदयसागरजी महाराजश्रीना सत्प्रयास अने प्रेरणाथी आ रीते जीवविचार आदि चार प्रकरणो, त्रणभाष्यो अने छ कर्मग्रंथोनो मूळ साथे पद्यानुवाद सर्वप्रथमवार छपाई रह्यो छे. अने ते ज्ञानपिपासुओ माटे आशीर्वाद रूप सिद्ध थशे. पूज्य मुनिराज श्री उदयरत्नसागरजी म. सा. ए आ कार्यमां सुंदर मार्गदर्शन करेल छे. आ पद्यानुवादने अक्षरशः निरीक्षण करी आपवा बदल पं. श्री चन्द्रकान्तभाई एस. संघवी-पाटणनो तेमज दरेक प्रकरणोना साहित्यनी नोंध आपवा बदल आचार्य श्री कैलाससागरसूरि ज्ञानमंदिर-कोबा तथा पं. जितेन्द्र

बी. शाहनो (एल.डी. इन्डोलोजी-अमदावाद) अन्तःकरणपूर्वक आभार व्यक्त करीए छीए.

प्रकाशन संस्था श्री चारित्ररत्नफा.चे.ट्रस्टे प्रभु महावीरना २५३५मा निर्वाण महोत्सवना उपलक्षमां २५३५ ग्रंथो प्रकाशित करवानो महान संकल्प कर्यो छे. ए संदर्भमां ५०० जेटला ग्रंथो प्रकाशित थई चूक्या छे. तेनो अमने खूबज हर्ष छे. जेमां ५०० पूजन प्रतो पैकी २०० प्रतो प्रकाशित थई गई छे, ५०० अप्रगट ग्रंथो पैकी ५० ग्रंथो प्रेसमां छे, १३५ कथा ग्रंथो छ भाषामा अने ५ भाषामां प्रकाशित थया छे जे साधु-साध्वीजीओने भणवा माटे खूबज उपयोगी छे, ४५ आगम सचित्र गुजराती, हिंदी अने अंग्रेजी भावार्थ साथे प्रकाशित थयेल छे, ३०० रास वि. मर्यादित नकलो प्रकाशित करी छे, अचलगच्छनी १०० पूजाओ पैकी ५० प्रकाशित करी छे, १०० ढालिया, १५० अचलगच्छीय आर्चार्योना संस्कृत चरित्रो, १०८ करमशी खेतशी खोनानुं अप्रगट साहित्य, १५० श्री पार्श्वभाईनुं अप्रगट साहित्य, ५१ गुणमंजूषा प्रकाशित थयेल छे. ५१ स्तोत्रो खंडान्वय-दंडान्वय अने पदच्छेद युक्त प्रकाशन थई रह्या छे जेमां २१ स्तोत्रो प्रेसमां छे. तदुपरांत १२०

सामायिकमां स्वाध्याय पुस्तिकाओ, २२५ विविध ग्रंथो आम कुल मळीने २५३५ ग्रंथो थाय छे. हमणासुधी आ कार्य धीमी गतिए चालतुं हतुं ते हवे देव-गुरु पसाये वेगवंतु चालशे एवी आशा छे.

## ट्रस्टना निर्णयो

१. हवे पछी बधा ग्रंथो मल्टी कलरमां छपाशे.

२. ग्रंथो माटे दाननी अपील बहार पडशे नहि.

३. अध्ययनमां उपयोगी माहिती अलभ्य बने तो पोस्टल खर्च तथा झेरोक्ष खर्च लईने व्यवस्था करी आपवी.

४. प्रकाशित ग्रंथो कोईने पण भेटमां आपवा नहि.

५. वि.सं २०६७ पछी योग्य समये ट्रस्टनुं विसर्जन करी देवाशे.

अन्ते वाचक वर्गने नम्र विनंति करीए छीए के प्रमादवश आमां कोई त्रुटीओ रही गई होय तो सूचित करशो जेथी पुनरावृत्तिमां सुधारो वधारो करी शकीशुं.

**- लि. श्री चारित्ररत्न फा. चे. ट्रस्टवती**

**श्री सोमचंद भाणजी लालका**

**श्री जेन्तीलाल जेठाभाई मैशेरीना**

**सादर जयजिनेंद्र**

# पच्चक्खाण भाष्य - पद्यानुवाद

नमुं वीरने गोयम गुरु जेवा श्री गुणसूरिने वंदन करुं,
देवेन्द्रसूरि रचित पच्चक्खाण भाष्यने गुर्जर पद्ये रचुं.
पच्चक्खाण विधि आहार आगार विगई निवियाता बे भांगा छे,
छ शुद्धि बे फळ नव प्रकारे थाय नेवु उत्तर भांगा छे. १

*दश पच्चक्खाण*

अनागत अतिक्रान्तने कोटि नियन्त्रित अनागार सागार छे,
निरवशेष परिमाणकृतने संकेत अद्धा दश प्रकारे छे. २

*दश काळ पच्चक्खाण*

नवकारशी पोरिसी पुरिमड्ढ एकाशन एकलठाणुं छे,
आयंबिल उपवास चोविहार अभिग्रह विगई दस अद्धा छे. ३

*उच्चार*

मध्याह्न पहेलाना उग्गए सूरे पछी सूरे उग्गए बोलाय छे,
अचलगच्छमां बधा पच्चक्खाण फक्त सूरे उग्गए बोलाय छे. ४
पाठ स्खलना थाय छतां पण धारेलुं पच्चक्खाण प्रमाण छे, ५
उच्चार स्थाने तेर त्रण त्रण एक एक एकवीश थाय छे. ६

नवकारशी आदि तेर पहेला बीजा स्थाने आयंबिलादि त्रण,
एकासणादि त्रण त्रीजा स्थाने एक एक पाणने देशाव जाण. ७
आठथी बार गाथा मूले जाणो दुविहार सुधीनी वात कराय,
अचलगच्छमां न मान्यता ए धार्या प्रमाणे पच्चक्खाण अपाय. ८-१२

*चार प्रकारना आहार*

चार प्रकारनो आहार बतावे अशन पाण खादिम स्वादिम, १३
आठ विभागे अशन जाणो पाणमां गरम पाणी वपराय. १४
फळ शेकेला धान्य खादिम जाणो मुखवासादि स्वादिम गणाय, १५
चारे आहारनो विस्तार जाणो मूल ग्रन्थथी ए भणाय.

*पच्चक्खाणमां आगार भेद*

बार पच्चक्खाणे बावीस आगार नीचेना स्थाने ए जाणी लीओ,
नवकारशी बे साढपोरिसी छ पुरिमड्ढ अवड्ढे सात आगारीओ.
एकासण बिआसणे आठ छे एकलठाणे छे सात आगार,
नीविमां नव आयंबिले आठ ग्रन्थे
जाणी लीओ कया कया आगार १६-२०

*आचार भेद*

उपवासे पांच पाणीना छ संकेतादि पच्चक्खाणे चार छे,

बावीसमी मद्य मांसनी छे अठ्यावीस सुधी आगारनी छे.
एकवीस भक्ष्य बार अभक्ष्य विगईओ ग्रन्थे गणावी छे,
संक्षेपमां त्रीस नीवियाने पांत्रीश गाथामां जणावी छे. २१-२९

*दश विगई - पांच निवियातां*

दुधना पांच खीर पेयादि घीना पांच निर्भजनादि छे,
दहींना पांच करंब घोलादि तेलना पांच पक्व तेलादि छे.
गोळना पांच पाक गुडादि पक्वान पांच गुड धाणी जाणो,
बीजा पण अनेक निवियाता अन्य ग्रन्थोमांथी तमे जाणो. ३०-३५

*संसृष्ट द्रव्य*

संसृष्ट द्रव्य सात कल्पे छे गिहत्थ संसट्ठेणं आगारमां,
पकवान काढेला घीने कहे 'उत्कृष्ट द्रव्य' चाले निवियातामां.

*सरसोत्तम द्रव्य*

तलसांकळी मेवादि रायण आंबो द्राक्ष पानादि डोळीया,
तेल वि. सरसोत्तम द्रव्यो लेपकृत कारणे निवियाता. ३६-३८

*पच्चक्खाणनी चतुर्भंगी*

विकृति रहित विगईओ कारण विना खावा कल्प नहि,
विगईथी दुर्गतिमां जाय संयमभ्रष्ट थवुं कल्पे नहि.

बेंतालीस सुधीनी गाथामां मधादि भांगा साथे जणावी छे,
पच्चक्खाणनी चतुर्भंगी जाणो चोथो अशुद्धने त्यजाय छे. ३९-४३

*पच्चक्खाणनी ६ शुद्धि*

दिवस उग्या पहेला लीधेलुं ते स्पर्शित पच्चक्खाण कहे छे,
लीधेलाने वारंवार संभार्युं ते पालित पच्चक्खाण कहे छे.
गुरुने आपता शेष वध्युं ते शोधित पच्चक्खाण कहे छे,
काळ वित्या बाद पाळवानुं ते तीरित पच्चक्खाण कहे छे. ४४-४५
भोजन समये संभाळवाथी ते कीर्तित पच्चक्खाण कहे छे
पूर्वोक्त रीतिए आदरेलुं ते आराधित पच्चक्खाण कहे छे
बीजी रीते श्रद्धा अने ज्ञान विनय अनुभाषण शुद्धि छे
अनुपालन भावशुद्धि एम छ प्रकारनी ए शुद्धि छे ४६

*बे फळ*

पच्चक्खाणना बे फळ कह्या छे आ लोकनुं दृष्टांत धम्मिल छे
परलोकनुं दामनक दृष्टांत पच्चक्खाण सेवी मोक्षे जवानुं छे ४७-४८
तलासरी तीर्थे मल्लिधाममां एन. एन. सन्से करी रचना
प्रभु कृपाए सौनो सर्वोदय त्रण भाष्यनी जे करे अर्चना.

इति पच्चक्खाण भाष्यनो पद्यानुवाद संपूर्ण

# पच्चक्खाण भाष्य

दस पच्चक्खाण चउविहि, आहार दुवीसगार अदुरुत्ता;
दस विगई तीस विगइ-गय, दुहभंगा छसुद्धि फलं. १
अणागय-मइक्कंतं, कोडीसहियं नियंटि अणगारं;
सागार निरवसेसं, परिमाणकडं सके अद्धा. २
नवकारसहिअ पोरिसि, पुरिमड्ढे-गासणे-गठाणे अ;
आयंबिल अभतट्ठे, चरिमे अ अभिग्गहे विगई. ३
उग्गए सूरे अ नमो, पोरिसि पच्चक्ख उग्गए सूरे;
सूरे उग्गए पुरिमं, अभतट्ठं पच्चक्खाइत्ति. ४
भणइ गुरू सीसो पुण, पच्चक्खामित्ति एव वोसिरइ;
उवओगित्थपमाणं न पमाणं वंजणच्छलणा. ५
पढमे ठाणे तेरस, बीए तिन्निउ तिगाई तइअंमि;
पाणस्स चउत्थंमि, देसवगासाई पंचमए. ६
नमु पोरिसि सड्ढा, पुरिम-वड्ढ अंगुट्ठमाई अड तेर;
निवि विगइंबिल तिय तिय, दु इगासण एगठाणाई. ७

पढमंमि चउत्थाइ, तेरस बीयंमि तइय पाणस्स;
देसवगासं तुरिए, चरिमे जह संभवं नेयं. ८
तह मज्ज पच्चक्खाणेसु, न पिहु सूरुग्ग-याइ वोसिरइ;
करणविही उ न भन्नइ, जहावसीयाई बिअछंदे. ९
तह तिविह पच्चक्खाणे, भन्नंति अ पाणगस्स आगारा;
दुविहाहारे अचित्त, भोइणो तह य फासुजले. १०
इत्तुच्चिय खवणंबिल, निवियाईसु फासुयं चिय जलं तु;
सड्ढा वि पियंति तहा, पच्चक्खंति य तिहाहारं. ११
चउहाहारं तु नमो, रत्तिंपि मुणीण सेस तिअ-चउहा;
निसि पोरिसि पुरिमेगा-सणाइ सड्ढाण दुतिचउहा. १२
खुहपसमखमेगागी, आहारि व एई देई वा सायं;
खुहिओ वि खिवई कुट्ठे, जं पंकुवमं तमाहारो. १३
असणे मुग्गो-यण-सत्तु, मंड-पय-खज्ज-रब्ब-कंदाइ;
पाणे कंजिय जव कयर, कक्कडो-दग सुराइजलं. १४
खाइमे भत्तोस फलाई, साइमे सुंठि जीर अजमाइ;
महु गुड तंबोलाई, अणहारे मोय निंबाई. १५

दो नवकारि छ पोरिसि, सग पुरिमड्ढे इगासणे अट्ठ;
सत्तेगठाणि अंबिलि, अट्ठ पण चउत्थि छ पाणे. १६
चउ चरिमे चउ भिग्गहि, पण पावरणे नवट्ठ निव्वीए;
आगारुक्खित्त विवेग, मुत्तुं दव विगइ नियमिट्ठ. १७
अन्न सह दु नमुकारे, अन्न सह प्पच्छ-दिस य साहु सव्व;
पोरिसि छ सड्ढपोरिसि, पुरिमड्ढे सत्त समहतरा. १८
अन्न सहस्सागारि अ, आउंटण गुरुअ पारि मह सव्व;
एग बिआसणि अट्ठउ, सग इगठाणे अउंट विणा. १९
अन्न सह लेवा गिह, उक्खित्त पडुच्च पारि मह सव्व;
विगइ निव्विगइए नव, पडुच्च विणु अंबिले अट्ठ. २०
अन्न सह पारि मह सव्व, पंच खवणे छ पाणि लेवाइ;
चउ चरिमंगुट्ठाई, भिग्गहि अन्न सह मह सव्व. २१
दुद्ध-महु-मज्ज-तिल्लं, चउरो दवविगइ चउर पिंड-दवा;
घय-गुल दहियं पिसियं, मक्खण-पक्कन्न दो पिंडा. २२
पोरिसि सड्ढअवड्ढ, दुभत्त निव्विगइ पोरिसाई समा;
अंगुट्ठ-मुट्ठि-गंठी-सचित्त दव्वाइभिग्गहियं. २३

विस्सरण-मणाभोगो, सहसागारो सयं मुहपवेसो;
पच्छन्नकालं मेहाइ, दिसि विवज्जासु दिसिमोहो. २४
साहुवयण उग्घाडा-पोरिसि तणुसुत्थया समाहित्ति;
संघाइकज्ज महत्तर, गिहत्थ-बंदाई सागारी. २५
आउंटण-मंगाणं, गुरु-पाहुण-साहु गुरुअभुट्ठाणं;
परिठावणविहि-गहिए, जइण पावरणि कडिपट्टो. २६
खरडिय लूहिअ डोवाइ, लेव संसट्ठ डुच्च मंडाइ;
उक्खित्तपिंड विगइण, मक्खियं अंगु-लीहिं मणा. २७
लेवाडं आयामाई, इअर सोवीरमच्छ-मुसिणजलं;
धोअण बहुल ससित्थं, उस्सेइम इअर सित्थविणा. २८
पण चउ चउ दु दुविह, छ भक्ख दुद्धाइ विगइ इगवीसं;
तिदु ति चउविह अभक्खा, चउ महुमाइ विगइ बार. २९
खीर घय दहिअ तिल्लं, गुड पक्कन्नं छ भक्ख विगईओ;
गो-महिसि-उट्टि-अय-एलगाण पण दुद्ध अह चउरो. ३०
घय दहिआ उट्टि विणा, तिल सरिसव अयसिलट्ट तिल्ल चऊ;
दवगुड पिंडगुडा दो, पक्कन्नं तिल्ल घय तलियं. ३१

पयसाडि-खीर-पेया, वलेहि दुद्धट्टि दुद्ध विगइगया;
दक्ख बहु अप्प तंदुल, तच्चुन्नं बिलसहिअ दुद्धे. ३२
निब्भंजण वीसंदण, पक्कोसहितरिय किट्टि पक्कघयं;
दहिए करंब सिहरिणि, सलवण दहि घोल घोलवडा. ३३
तिलकुट्टी निब्भंजण, पक्कतिल पक्कुसहि तरिय तिल्लमली;
सक्कर गुलवाणय, पाय खंड अद्धकढि इक्खुरसो. ३४
पूरिय तव पूआ बिय, पूअ तन्नेह तुरिय घाणाई;
गुलहाणी जललप्पसि, य पंचमो पुत्तिकय पूओ. ३५
दुद्ध दही चउरंगुल, दवगुड घय तिल्ल एग भत्तुवरिं;
पिंडगुल मक्खणाणं, अद्दामलयं च संसट्ठं. ३६
दव्वहया विगइ विगइ-गयं पुणो तेण तं हयं दव्वं;
उद्धरिए तत्तंमि य, उक्किट्ठ दव्वं इमं चन्ने. ३७
तिलसक्कुलि वरसोलाई, रायणंबाइ दक्खवाणाई;
डोली तिल्लाई इअ, सरसुत्तम दव्व लेवकडा. ३८
विगइगया संसट्ठा, उत्तमदव्वा य निव्विगइयंमि;
कारणजायं मुत्तुं, कप्पंति न भुत्तुं जं वुत्तं. ३९

विगइं विगइभीओ, विगइगयं जो अ भुंजए साहू;
विगई विगइसहावा, विगई विगइं बला नेइ. ४०
कुत्तिय मच्छिय भामर, महुं तिहा कट्ठ पिट्ठ मज्ज दुहा;
जल थल खग मंसतिहा, घयव्व मक्खण चउ अभक्खा. ४१
मण वयण काय मणवय, मणतणु वयतणु तिजोगि सगसत्त;
कर कारणुमई दु ति जुई, तिकालि सीयाल भंग-सयं. ४२
एयं च उत्तकाले, सयं च मण वयण तणूहिं पालणियं;
जाणग-जाणग पासि त्ति, भंगचउगे तिसु अणुण्णा. ४३
फासिय पालिय सोहिय, तीरिय किट्टिय आराहिय छ सुद्धं;
पच्चक्खाणं फासिय, विहिणोचिय-कालि जं पत्तं. ४४
पालिय पुण पुण सरियं, सोहिय गुरुदत्त सेस भोयणओ;
तीरिय समहिय काला, किट्टिय भोयणसमय सरणा. ४५
इअ पडिअरिअं आराहियं, तु अहवा छ सुद्धि सद्दहणा;
जाणण विणय-णुभासण, अणुपालण भाव-सुद्धित्ति. ४६
पच्चक्खाणस्स फलं, इह परलोए य होइ दुविहं तु;
इहलोए धम्मिलाई, दामन्नग-माई परलोए. ४७

पच्चक्खाणमिणं सेविऊण, भावेण जिणवरुद्दिट्ठं;
पत्ता अणंत जीवा, सासयसुक्खं अणाबाहं. ४८

इति पच्चक्खाण भाष्य संपूर्ण

# पच्चक्खाण भाष्य अंगेनी कृतिओनी सूचि

| कृति नाम | कर्ता नाम |
|---|---|
| भाष्यत्रय | देवेंद्रसूरि |
| भाष्यत्रय-(सं.)टीका | अज्ञात जैनश्रमण |
| भाष्यत्रय-(सं.)अवचूरि | सोमसुंदरसूरि |
| भाष्यत्रय-(सं.)अवचूरि | सोमसुंदरसूरि |
| भाष्यत्रय-(गु.)विशेषार्थ | चंदुलाल न्हानचंद |
| भाष्यत्रय-(गु.)भावार्थ | ज्ञानविमलसूरि |
| भाष्यत्रय-(गु.)शब्दार्थ | खेमशंकर लक्ष्मीशंकर वर्द्धमानकर |
| भाष्यत्रय-(मा.गु.)विवरण | धर्मरत्नसूरि-शिष्य |
| भाष्यत्रय-(गु.)विवेचन | अमृतलाल पुरषोत्तमदास |
| चैत्यवंदनादिभाष्यत्रय-(गु.)विवेचन | कर्पूरविजय |
| भाष्यत्रय-(मा.गु.)बालावबोध | ज्ञानविमलसूरि |
| भाष्यत्रय-(मा.गु.)टबार्थ | भगवानजी करमचंदजी |
| भाष्यत्रय-(मा.गु.)टबार्थ | लावण्यविजय |
| भाष्यत्रय-(प्रा.अमा.गु.)अर्थयंत्र पदार्थविवरण | सुखसागर |

## पच्चक्खाण भाष्य अंगेनी कृतिओनी सूचि

| | |
|---|---|
| भाष्यत्रय-(हिं.)विवेचन | रत्नसेनविजय |
| भाष्यत्रय-(गु.)अर्थ | हेमचंद्रसूरि |
| प्रत्याख्यानभाष्य-(गु.)भावार्थ | चंदुलाल |
| प्रत्याख्यानभाष्य-(हिं.)अनुवाद | प्रतापमलजी सेठिया |
| प्रत्याख्यान भाष्य-(गु.)विवेचन | पुण्यकीर्तिविजय |


## श्री चारित्ररत्न फा. चे. ट्रस्टना प्रकाशनो

- 500 पूजनप्रतो
- 135 6 भाषाना कथाग्रन्थो (अप्राप्य)
- 350 अप्रगट ग्रन्थो हस्तप्रतोमांथी लखाई गया छे
- 45 आगमग्रन्थो (अप्राप्य)
- 120 सामयिकमां स्वाध्याय काव्यकृतिओ (क्रमसर छपाय छे)
- 25 अचलगच्छेश पू. आ. कल्याणसागरसूरि तथा पू. आ. विद्यासागरसूरि रचित स्तोत्र आधारे खंडान्वय-दंडान्वय
- 75 पू. अचलगच्छेश तथा आचार्य भ., साधु भगवंतना संस्कृतमां जीवनचरित्रो

श्री चारित्ररत्न फा. चे. ट्रस्ट तरफथी २५०० ग्रन्थो प्रकाशित करवानी भावना छे. हाल १२५० ग्रन्थोनी झलक आपी छे. लेखक 'श्री पार्श्व' नुं साहित्य क्रमसर प्रकाशित करवानी भावना छे.

*।। उदयो भवतु सर्वेषाम् ।।*

Printed by. Navprabhat 98255 98855


અચલગચ્છાધિપતિ પ.પૂ.આ.ભ. શ્રી ગુણસાગરસૂરીશ્વરજી મ.સા.નો સર્વોદયજીનો પરિવાર
ARYA GRAPHICS - 09925801910